અગ્રતા ક્રમ -: **૨**

વિભાગ :- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૮૩૨

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૨૬.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શીર્ષક : વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર : શ્રી અક્ષયકુમાર ઇશ્વરભાઈ પટેલ (કરજણ)

અનુક્રમણિકા

	વિગત	મુખ્ય પેજ
	વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન	
	વિભાગે કરેલ જવાબ	
	પ્રશ્નનું મુખ્ય હાર્દ	
	પૂરકનોંધ (શ્રમ આયુકતશ્રી)	
	પૂરકનોંધ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય	માન.ધારાસભ્ય શ્રીનું નામ
પેટા પ્રશ્ન-૧	વડોદરા જિલ્લામાં તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન મળેલ ફરિયાદો કયા કયા શ્રમ કાયદા હેઠળની છે?	શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ)
પેટા પ્રશ્ન-૨	શ્રમ તંત્ર દ્વારા શ્રમયોગીઓને શ્રમ કાયદાઓનું માર્ગદર્શન આપવા ઉભી કરાયેલ ઓન-લાઇન હેલપ નંબર ઉપર વડોદરા જિલ્લામાં કેટલા કોલ આવ્યા છે? જે શેને લગતા હતા?	શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ)
પેટા પ્રશ્ન-૩	તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કારખાના ધારા હેઠળ તાલુકાવાર કેટલા ઔદ્યોગિક એકમો નોંધાયેલા છે?	શ્રી ચૈતન્યભાઇ દેસાઇ (અકોટા)
પેટા પ્રશ્ન-૪	વડોદરા જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થાઓમાં નિરીક્ષણ દ્વારા સમજાવટથી ચુકવણું કરવામાં આવેલ છે?	શ્રી ચૈતન્યભાઇ દેસાઇ (અકોટા)
પેટા પ્રશ્ન-૫	તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં એક વર્ષના સમયગાળા દરમિયાન કુલ કેટા કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે?	શ્રી કેયુરભાઇ રોકડિયા (સયાજીગંજ)
પેટા પ્રશ્ન-૬	તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન ફરિયાદ તપાસ બાબતે કેટલી મુલાકાતો લેવામાં આવેલ છે?	
પેટા પ્રશ્ન-૭	તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન મળેલ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદ પડતર છે?	

વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

૨૭/૨૪

૧૭૫ / ૦૬/૦૨/૨૪

તારાંકિત પ્રશ્ન

ક્રમાંક: પ્ર/

ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1832

વિષય:

વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

સૂચના મળ્યાની તારીખ:	વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ	પ્રશ્ન દાખલ કર્યાની તારીખ
19/01/2024	20/02/2024	06/02/2024

* 15/4/1832 શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ (કરજણ)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વડોદરા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી,

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

KP

તા.પ્ર.૩૯/મ૨

૮/૨/૨૪

મેઇન પેજ પર જાઓ

વિભાગે કરેલ જવાબ

વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

***15/4/1832- શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ(કરજણ): માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

પ્રશ્ન	જવાબ
(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વડોદરા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી,	(૧) કુલ- ૨૯૪.
(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨) ઉક્ત ફરિયાદો પૈકી, • ૭૫ ફરિયાદોમાં ૩૯૨ શ્રમયોગીઓને રૂ.૨,૮૧,૯૮,૬૧૧/-નું સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે. • ૩૨ ફરિયાદોમાં નામદાર અદાલતમાં કુલ ૪૧ કેસો દાખલ કરવામાં આવેલ છે. • ૫૧ ફરિયાદોમાં અરજદારશ્રીઓને સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી દાખલ કરવાની સલાહ આપવામાં આવેલ છે. • ૦૪ ફરિયાદો બાબતે કુલ- ૦૪ કારખાના વિરુદ્ધ કુલ- ૧૧ ફોજદારી કેસો કરવામાં આવેલ છે. • ૩૮ ફરિયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે. • ૩૩ ફરિયાદો નામદાર અદાલતમાં સબજ્યુડીશ હોઈ, હાલ કાર્યવાહી અર્થે નામદાર અદાલતમાં પડતર છે. • ૧૮ ફરિયાદોમાં સમાધાન થયેલ છે. • ૪૨ ફરિયાદોનો નિયમોનુસાર નિકલ કરવામાં આવેલ છે. • તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ ૦૧ ફરિયાદ સમયમર્યાદામાં કાર્યવાહી હેઠળ છે.

(વધુ પાછળ.......)

ગૃહમાં જવાબ આપવાની તા.૨૬/૦૨/૨૦૨૪. ક:વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.-૩૮/મ(૩)

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૬/૦૨/૨૦૨૪.

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગરના તા.૦૬/૦૨/૨૦૨૪ના પત્ર અનુ જવાબ અપલોડ કરેલ છે.

(ગગુભા રાજ)

નાયબ સચિવ(શ્રમ),

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિ

- નકલ રવાના: –

(૧) માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

(૨) માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ ગાંધીનગર.

(૩) શ્રમ આયુક્તશ્રી(ગુ.રા.)ની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.

(૫) વિધાનસભા કામકાજ માટે વિભાગના નોડલ અધિકારીશ્રી,શ્ર.કૌ.વિ.રો.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી(સં.) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધી

(૭) શાખા સિલેકટ ફાઇલ /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ – ૨૦૨૪.

મેઇન પેજ પર જાઓ

પ્રશ્નનું મુખ્ય હાર્દ

વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

ઔદ્યોગિક એકમો દ્વારા કર્મચારી / વર્કરોનું શોષણ ન થાય ત્યારે જ રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે. ગુજરાત ઔદ્યોગિક શાંતિ જાળવી રાખવામાં અગ્રેસર છે. શ્રમ તંત્ર દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ જાળવી રાખવા માટે શ્રમિકો અને માલિકોને સ્પર્શતાં વિવિધ શ્રમ કાયદાઓના અસરકારક અમલીકરણને અગ્રિમતા આપી પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

- વિવિધ શ્રમ કાયદાઓના ભંગ બાબતની ફરિયાદોનો સમયમર્યાદામાં નિકાલ કરવાની કામગીરી શ્રમ તંત્રના શ્રમ અધિકારી દ્વારા હાથ ધરવામાં આવે છે.
- પ્રસ્તુત વિધાનસભા તારાંકિત પ્રશ્ન સંદર્ભે ઔદ્યાગિક એકમોમાં કામ કરતા શ્રમયોગીઓના શોષણ બાબતે શ્રમ કાયદાઓના ભંગ બાબતે ફરિયાદ આવે ત્યારે સરકાર દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

(૧) ફરિયાદ મુખ્યત્વે ટ્રેડ યુનીયન, શ્રમયોગી પોતે અથવા તો તેમના વારસદારો દ્વારા આવતી હોઈ છે.

(૨) ફરિયાદ આવ્યા બાદ સદરહું ફરિયાદ જો નિયામક, ઔદ્યૌગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા અમલવારી કરાવતા મુખ્યત્વે નીચે મુજબના કાયદાઓ અન્વયે હોય તો અધિકારી દ્વારા ઔદ્યૌગિક એકમોની ઓચીંતી મુલાકાત લેવામાં આવે છે.

(૧) કારખાના ધારા – ૧૯૪૮ અને તે હેઠળના નિયમો.

(૨) વેતન ચુકવણી ધારા – ૧૯૩૬

(૩) પ્રસુતિ સહાયતા અધિનિયમ – ૧૯૬૧

(૩) મુલાકાત વખતે ફરિયાદના મુદ્દા અન્વયે તપાસણી કરતી વખતે શ્રમયોગીઓનો રૂબરૂમાં સંપર્ક સાધવામાં આવે છે અને સાથેસાથે જરૂરી દસ્તાવેજો પણ ચકાસવામાં આવે છે.

(૪) જો ફરિયાદના મુદ્દા અન્વયે કોઈ ક્ષતિ માલૂમ પડે તો નિયમ અનુસાર કારણદર્શક નોટીસ પાઠવવામાં આવે છે.

(૫) કારણદર્શક નોટીસ અન્વયે શ્રમયોગીઓને મળતા હકો આપવામાં ન આવે તેવા કિસ્સામાં નામદાર કોર્ટમાં ફોજદારી કેસો કારખાનાના કબ્જેદાર/મેનેજર સામે દાખલ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળના શ્રમ તંત્ર અંતર્ગત બે ખાતાના વડા, શ્રમ આયુક્ત અને નિયામક, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય દ્વારા વિવિધ મજૂર કાયદાઓનું અમલીકરણ કરાવવામાં આવે છે. છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં શ્રમ કાયદાના ભંગ બાબતે શ્રમ તંત્રને કુલ ૨૯૪ (બસો ચોરાણું) ફરિયાદો મળેલ છે. જે પૈકી,

(૧) શ્રમ આયુક્ત તંત્રને લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ ૧૪૭ (એકસો સુડતાળીસ) ફરિયાદો, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ ૮૨ (બ્યાસી) ફરિયાદ, ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળ ૧૨ (બાર) ફરિયાદ, કોન્ટ્રાક્ટ લેબર એક્ટ, ૧૯૭૦ હેઠળ ૦૩(ત્રણ) ફરિયાદ, આંતરરાજ્ય સ્થળાંતરીત કામદાર અધિનિયમ, ૧૯૭૯ હેઠળ ૦૧ (એક) ફરિયાદ, ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળ ૦૨ (બે) મળેલ છે.

(૨) નિયામક, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય તંત્રને કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ કુલ ૨૪ (ચોવીસ) ફરિયાદો, પગાર ધારા, ૧૯૩૬ હેઠળ ૨૨ (બાવીસ) ફરિયાદો અને પ્રસુતિ સહાયતા અધિનિયમ,૧૯૬૧ હેઠળ ૦૧ (એક) ફરિયાદ મળેલ છે.

નિયામક, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય તંત્રને છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ બાબતે કારખાના ધારા ૧૯૪૮ હેઠળ કુલ ૨૪ (ચોવીસ) ફરિયાદો મળેલ છે. જેમાં ૪ (ચાર) ઔદ્યોગિક એકમો સામેની ૪ (ચાર) ફરિયાદોમાં કામદારોના વળતર બાબતની, હક્ક રજા અને અન્ય લાભો બાબતની ક્ષતિ ધ્યાને આવતાં તેઓ સામે કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ કુલ ૧૧ (અગિયાર) ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. ૨૦ (વીસ) ફરિયાદોમાં ૨૦ (વીસ) ઔદ્યોગિક એકમોમાં કોઈ ક્ષતિ ન જણાતાં નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે, પગાર ધારા, ૧૯૩૬ હેઠળ મળેલ ૨૨ (બાવીસ) ફરિયાદોમાં ક્ષતિ ન જણાંતાં નિયમોનુસાર નિકાલ કરવામા આવેલ છે અને પ્રસુતિ સહાય અધિનિયમ ૧૯૬૧ હેઠળ મળેલ ૦૧ (એક) ફરિયાદમાં ક્ષતિ ન જણાતાં નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે.

- વડોદરા જિલ્લા ખાતે વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૮૦૬, વર્ષ ૨૦૨૧-૨૨માં ૫૨૮, વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૩૨ ફરિયાદો ઔદ્યોગિક એકમ સામે મળેલ છે. એમ, કુલ ૧૦૬૦ ફરિયાદો મળેલ છે. જે ધ્યાને લેતાં વર્ષ ૨૦૨૦-૨૧ની સરખામણીમાં વર્ષ ૨૦૨૨-૨૩માં સરેરાશ ૩૪% જેટલો ઘટાડો નોંધાયેલ છે.

મેઇન પેજ પર જાઓ

પૂરક નોંધ (શ્રમ આયુક્તશ્રી)

વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

શ્રમ તંત્રના અધિકારીશ્રી, વડોદરા દ્વારા ફરિયાદ સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો:-

- વડોદરા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કુલ ૨૦૫ (બસો પાંચ) ઔદ્યોગિક એકમો સામેની કુલ: ૨૯૪ (બસો ચોરાણું) ફરીયાદો મળેલ છે. કર્મચારી / વર્કરો તરફથી મળેલ ઉક્ત ફરીયાદો પૈકી ૬૦ (સાઈઠ) ઔદ્યોગિક એકમો સામે ૭૫ (પંચોતેર) ફરીયાદોમાં નીચે મુજબનું સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે.

ફરિયાદોની સંખ્યા	ઔદ્યોગિક એકમોની સંખ્યા	શ્રમયોગીઓની સંખ્યા	સમજાવટથી કરાવેલ ચુકવણું
૭૫ (પંચોતેર)	૬૦ (સાઈઠ)	૩૯૨ (ત્રણ સો બાણું)	રૂ. ૨,૮૧,૯૮,૬૧૧ /- (બે કરોડ એક્યાસી લાખ અઠ્ઠાણું હજાર છસો અગિયાર)

- ઉક્ત ફરિયાદો સંદર્ભે કુલ ૩૬ (છત્રીસ) ઔદ્યોગિક એકમો સામેની ૩૬ (છત્રીસ) ફરિયાદોમાં ઔદ્યોગિક એકમો દ્વારા પૂર્તતા ન કરતાં તેઓ સામે કુલ ૫૨ (બાવન) ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.
- ૧૮ (અઢાર) ફરિયાદોમાં ૧૮ (અઢાર) ઔદ્યોગિક એકમોમાં સમાધાન થતાં ફરિયાદ પરત ખેંચેલ છે.
- ૩૮ (આડત્રીસ) ફરિયાદોમાં ૩૮ (આડત્રીસ) ઔદ્યોગિક એકમો દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.
- ૪૨(બેતાળીસ) ફરિયાદોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે.
- ૫૧ (એકાવન) ફરિયાદોમાં અરજદારશ્રીઓને સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી દાખલ કરવાની સલાહ આપવામાં આવેલ છે.
- ૩૩(તેત્રીસ) ફરિયાદો નામદાર અદાલતમાં સબજ્યુડીશ હોઈ, હાલ કાર્યવાહી અર્થે નામદાર અદાલતમાં પડતર છે.
- ૦૧(એક) ફરિયાદ સમયમર્યાદામાં કાર્યવાહી હેઠળ છે.

શ્રમ તંત્રના અધિકારીશ્રી, વડોદરા દ્વારા ફરિયાદ ઉપરાંત કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો:-

- તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં શ્રમ તંત્રના અધિકારીશ્રી દ્વારા ઉક્ત ફરીયાદો ઉપરાંત કુલ ૧૯૯૫ (એક હજાર નવસો પંચાણુ) ઔદ્યોગિક એકમોની રૂબરૂ તપાસ કરીને લાગૂ પડતા શ્રમ કાયદાઓ હેઠળ તપાસનોંધ આપવામાં આવેલ છે.
- ઔદ્યોગિક એકમોને વિવિધ શ્રમ કાયદાઓ હેઠળ આપવામાં આવેલ તપાસનોંધ સંદર્ભે પૂર્તતા ન કરતા કુલ ૧૧૩ (એકસો તેર) ઔદ્યોગિક એકમો સામે ૧૯૩ (એકસો તાણું) ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૭૬ (છોત્તેર) કેસોનો નામદાર કોર્ટ દ્વારા નિકાલ કરી કસુરવાર માલિકને રૂ. ૪,૮૯,૫૦૦ /- (ચાર લાખ નેવ્યાસી હજાર પાંચસો) દંડ વસુલ કરવામાં આવેલ છે.

ઔદ્યોગિક એકમોની સંખ્યા	દાખલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા	પડતર કોર્ટ કેસોની સંખ્યા	નિકાલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા	દંડની રકમ
૧૧૩ (એકસો તેર)	૧૯૩ (એકસો તાણુ)	૧૧૭ (એકસો સત્તર)	૭૬ (છોત્તેર)	રૂ. ૪,૮૯,૫૦૦ /- (ચાર લાખ નેવ્યાસી હજાર પાંચસો)

- ફરિયાદો ઉપરાંત સરકારી શ્રમ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ તપાસ દરમિયાન પણ સમજાવટથી નીચે મુજબનું ચુકવણું કરાવવામાં આવેલ છે.

ચુકવણાનો પ્રકાર	ઔદ્યોગિક એકમોની કુલ સંખ્યા	શ્રમયોગીઓની કુલ સંખ્યા	સમજાવટથી કરાવેલ કુલ ચુકવણું
બાકી પગારનું ચુકવણું	૦૫ (પાંચ)	૩૫ (પાંત્રીસ)	રૂ. ૧,૮૧,૫૯૪ /- (એક લાખ એક્યાસી હજાર પાંચસો ચોરાણું)
લઘુત્તમ વેતનના તફાવતનું ચુકવણું	૦૭(સાત)	૩૨ (બત્રીસ)	રૂ. ૧,૪૦,૭૯૫/- (એક લાખ ચાલીસ હજાર સાતસો પંચાણું)
બાકી બોનસનું ચુકવણું	૦૩(ત્રણ)	૧૦૮ (એકસો આઠ)	રૂ. ૧૦,૪૯,૦૪૪ /- (દસ લાખ ઓગણ પચાસ હજાર ચુમાલીસ)

આમ, કુલ- ૧૫ ઔદ્યોગિક એકમોમાં ૧૭૫ શ્રમયોગીઓને કુલ- રૂ. ૧૩,૭૧,૪૩૩ /- (તેર લાખ ઈકોતેર હજાર ચારસો તેત્રીસ) નું ચુકવણું ફરિયાદ સિવાય કરાવવામાં આવેલ છે.

શ્રમ તંત્રનો કાર્યક્ષેત્ર અને વ્યાપ:

શ્રમ કાયદાઓના અમલીકરણ ઉપરાંત ઔધોગિક શાંતિની જાળવણી કરવી તેમજ સુમેળ ભર્યું ઔધોગિક વાતાવરણ પ્રસ્થાપિત કરવામાં શ્રમ તંત્ર આગવી અને અગત્યની ભૂમિકા ભજવે છે. શ્રમ કાયદાઓમાં કરેલ સુધારાઓમાં ઔદ્યોગિક વિકાસની સાથે શ્રમયોગીઓનું હિત જળવાઇ રહે તે બાબત ધ્યાનમાં લેવામાં આવે છે.

શ્રમ તંત્રનો અભિગમ અને વ્યુહરચના અને કામગીરી:

- ઔધોગિક શાંતિ જાળવી રાખવી. શ્રમ કાયદાઓનો અમલ કરાવવો. શ્રમ અને ઉધોગને લગતો કાયદાઓ, પ્રક્રિયાઓ અને નીતિઓને તર્ક બદ્ધ બનાવવા માટે તમામ પક્ષકારો સાથે ત્રિપક્ષીય મંત્રણાઓ કરવી.
- રાજ્યનું શ્રમ આયુકત તંત્ર મુખ્યત્વે લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮, બોનસ ચુકવણી અધિનિયમ-૧૯૬૫, ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ,૧૯૭૨, કોન્ટ્રાક્ટ મજુર(નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦, ઔધોગિક વિવાદ અધિનિયમ,૧૯૪૭, અને બાળ અને કિશોર(પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ,૧૯૮૬ કાયદાઓનો અમલ કરાવે છે.
- શ્રમ આયુક્ત તંત્રના નાયબ શ્રમ આયુક્તશ્રી વર્ગ ૧, મદદનીશ શ્રમ આયુકતશ્રી વર્ગ ૧ તથા સરકારી શ્રમ અધિકારી વર્ગ ૨ સંવર્ગના અધિકારી દ્વારા શ્રમ કાયદાઓનો અમલ કરાવવામાં આવે છે. શ્રમ કાયદાઓના અમલીકરણ માટે માસિક ૨૫(પચ્ચીસ) નિરીક્ષણોનો લક્ષ્યાંક દરેક સરકારી શ્રમ અધિકારીશ્રીને આપવામાં આવેલ છે. સરકારી શ્રમ અધિકારીશ્રીઓ દ્વારા શ્રમ કાયદાઓના નિરીક્ષણો કરતી વખતે જે ઔદ્યોગિક એકમો સામે ફરિયાદો હોય તેવા ઔધોગિક એકમોના નિરીક્ષણોને અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવે છે.
- ઔદ્યોગિક એકમો સામે ફરિયાદ આવે ત્યારે, જે તે ઔદ્યોગિક એકમની સરકારી શ્રમ અધિકારી રૂબરૂ લાગુ પડતાં શ્રમ કાયદા હેઠળ નિરીક્ષણ કરે છે અને જરૂર જણાય શ્રમ કાયદાના ભંગ બદલ તપાસનોંધ આપે છે, જો ઔદ્યોગિક એકમ શ્રમ કાયદાના ભંગની પુર્તતા ન કરે તો આવા શ્રમ કાયદાના ભંગમા ફોજદારી કેસ સમુચિત અદાલતમાં

સરકારી શ્રમ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવે છે. ઔદ્યોગિક એકમો સામે ફરિયાદોમાં માનનીય પ્રાઈમ મીનીસ્ટર ગ્રીવન્સીસ પોર્ટલ, માનનીય મુખ્યમંત્રીશ્રી કાર્યાલય (સી.એમ.ઓ. પોર્ટલ), લોક ફરિયાદ (સ્વાગત પોર્ટલ), ઇ-મેઈલ દ્વારા મળતી ફરિયાદો તથા સરકારી સંદર્ભ અને કચેરીને શ્રમયોગી/શ્રમયોગીના મંડળ દ્વારા સીધી કરવામાં આવતી ફરિયાદોનો સમાવેશ થાય છે.

- લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮, રાજ્ય સરકારને મળેલ સત્તા મુજબ કુલ ૫૬ અનુસુચિત રોજગારીઓમાં લઘુતમ વેતન દર નકકી કરવામાં આવેલ છે. સદર કાયદા હેઠળ ઓછુ વેતન ચુકવાતુ હોય તેવી સંસ્થામાં સરકારી શ્રમ અધિકારી દ્વારા સમજાવટથી શ્રમયોગીઓને વેતન તફાવત ચૂકવવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. વિવિધ રોજગારીઓમાં લઘુતમ વેતન દર નકકી કરવા અને તેમાં સુધારા વધારા બાબતે લઘુતમ વેતન સલાહકાર મંડળ રાજય સરકારને ભલામણ કરે છે આ કાયદો શ્રમયોગીઓના જીવન નિર્વાહ માટે પુરતુ વેતન મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ છે.
- ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ ૧૯૭૨ શ્રમિકોની લ્હેણી નીકળતી ગ્રેજ્યુઇટીની રકમ સંસ્થાના માલિક ચૂકવણી ન કરે તો તે મેળવવા માટે શ્રમિક પોતે અથવા નોંધાયેલ ટ્રેડયુનિયન મારફત નિયંત્રણ અધિકારીને નિયત કરવામાં આવેલ ફોર્મમાં અરજી કરી શકે છે. નિયંત્રણ અધિકારી પક્ષકારોની રજૂઆતો અને રજૂ થયેલ પુરાવાઓને ધ્યાને લઇ સંસ્થાને ગ્રેજ્યુઇટીની રકમ શ્રમિકને ચૂકવવા હુકમ કરે છે. આ હુકમ સામે કોઇ પણ પક્ષકાર ૬૦ દિવસની અંદર એપેલેટ ઓથોરિટીની અપીલ કરી શકે છે. હાલમાં કાયદાકીય જોગવાઇઓ અનુસાર વધુમાં મહત્તમ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- (વીસલાખ) ગ્રેજયુઇટી તરીકે ચૂકવણી થઇ શકે છે.

- **કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦** ભારત સરકારે ઉદ્યોગોમાં કોન્ટ્રાક્ટ પ્રથા હેઠળ કામ કરતા શ્રમયોગીઓની સલામતી અને કલ્યાણ માટે આ કાયદો પસાર કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા તે અન્વયેના નિયમો બનાવેલ છે. રાજ્યમાં ૫૦ કે તેથી વધુ શ્રમયોગીઓને કામે રાખતી સંસ્થા/ ઉદ્યોગોને કોન્ટ્રાક્ટ/મજૂર(નિયમન અને નાબૂદી) જોગવાઇઓ લાગુ પડે છે. આ કાયદા હેઠળ રાજય કક્ષાએ રજિસ્ટ્રિંગ અને લાયસન્સિંગ અધિકારી તરીકે અધિક શ્રમ આયુકતને તથા મદદનીશ શ્રમ આયુક્તને તેઓના કાર્યવિસ્તાર પૂરતા નોંધણી અને લાયસંસિંગ અધિકારી તરીકે જાહેર કરેલ છે.

- **ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭**, ભારત સરકારશ્રીનો આ કાયદો ઔદ્યોગિક તકરારોની તપાસ અને પતાવટ તથા બીજા અમુક હેતુઓ માટે જોગવાઇ કરવાના ઉદ્દેશથી ઘડવામાં આવેલા છે. આ કાયદામાં માલિકો માલિકો અને માલિકો અને શ્રમિકો વચ્ચેની અથવા શ્રમિકો- શ્રમિકો વચ્ચેની ઔદ્યોગિક તકરારમાં નિરાકરણ માટેની જોગવાઇઓ કરવામાં આવેલ છે. રાજ્યના મદદનીશ શ્રમ આયુક્તને સમાધાન અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. ઔદ્યોગિક વિવાદોમાં સમાધાન શક્ય ન બનવાના કિસ્સામાં શ્રમ તંત્રના રેફરન્સ કરવાની સત્તાઓ મદદનીશ શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત અને રાજ્યના શ્રમ આયુક્ત દ્વારા ન્યાયનિર્ણય માટે હકુમત ધરાવતી અદાલતોમાં રેફરન્સ કરવામાં આવે છે. આ કાયદા હેઠળ લે ઓફ, રિટ્રેચમેન્ટ અને ક્લોઝર સંબંધિત ખાસ જોગવાઇઓ કરવામાં આવેલ છે. આ કાયદાની જોગવાઇઓના ભંગ માટે શ્રમ તંત્રના અધિકારીઓ દ્વારા કસૂરવાર સંસ્થાઓ સામે અદાલતમાં કેસો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.
- **આંતર રાજય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯** રાજ્યનું શ્રમ આયુક્ત તંત્ર સ્થાનાત્તરી શ્રમયોગીઓને લગતા "આંતર રાજ્ય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯"નો અમલ કરાવે છે. આ અધિનિયમની જોગવાઇ મુજબ જ્યારે

પાંચ કે તેથી વધારે શ્રમયોગીઓ એક રાજ્યમાંથી કોઇ કોન્ટ્રાક્ટર મારફત બીજા રાજ્યમાં કામ કરવા સબબ ભરતી થાય ત્યારે તેવા કોન્ટ્રાક્ટરને તથા આવા કામદારો જે સંસ્થામાં કામ કરે તે સંસ્થાને લાગુ પડે છે. આવી સંસ્થાએ આ અધિનિયમ હેઠળ નોંધણી કરાવવી ફરજિયાત છે. અને આવા કોન્ટ્રાક્ટરે આ અધિનિયમ હેઠળ લાયસન્સ લેવું ફરજિયાત છે. આ માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં ફરજ બજાવતા મદદનીશ શ્રમ આયુક્ત વર્ગ ૧ને નોંધણી તેમજ લાયસન્સીંગ અધિકારી જાહેર કરેલ છે. આ અધિનિયમની અન્ય જોગવાઇઓ જેવી કે, શ્રમયોગીઓને વિસ્થાપન ભથ્થું, પ્રવાસ ભથ્થું, કામના કલાકો, ઓવર ટાઇમ વગેરેનો અમલ સરકારી શ્રમ અધિકારી, વર્ગ ૨ દ્વારા કરાવવામાં આવે છે.

- બાળ અને તરૂણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. જે બાળકોએ ૧૪ વર્ષ પુરા કરેલ નથી તેવા બાળકોને કોઇપણ પ્રકારના ધંધા/ પ્રક્રિયાઓમાં કામે રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ૧૪ થી ૧૮ વર્ષના કિશોર(તરૂણો)ને જોખમી વ્યવસાયોમાં પ્રતિબંધ છે અને અન્ય વ્યવસાયો/પ્રક્રિયાઓમાં તરૂણ શ્રમયોગીઓને કામે રાખવા માટે રોજગારીના નિયમનાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ કાયદાની કલમ ૧૬ હેઠળ કરેલ જોગવાઇ મુજબ કોઇપણ વ્યક્તિ તેમજ પોલીસ અધિકારી પણ બાળશ્રમયોગી રાખવા અંગે ફોજદારી ફરિયાદો દાખલ કરી શકે છે. બાળ અને તરૂણ શ્રમયોગીઓને કાયદાથી વિરૂધ્ધ કામે રાખવા પર માલિકોને પ્રથમ વારના ગુનામાં રૂપિયા ૨૦,૦૦૦/- થી ૧,૦૦,૦૦૦/- નો દંડ અથવા છ મહિનાથી બે વર્ષ સુધીની જેલ અથવા બંને શિક્ષાની જોગવાઈ છે. જ્યારે આવા જ પ્રકારના બીજીવારના ગુનામાં તેજ માલિકને એક વર્ષથી લઇને ત્રણ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઇ કરવામાં આવેલ છે.

મેઇન પેજ પર જાઓ

પૂરક નોંધ (નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય)

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ૪૨૬૨ (ચાર હજાર બસો બાસઠ) ઔદ્યોગિક એકમો કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે જેમાથી કુલ ૩૪૫૫ (ત્રણ હજાર ચારસો પંચાવન) ચાલુ ઔદ્યોગિક એકમો છે તથા કુલ-૮૦૭ (આઠ સો સાત) બંધ ઔદ્યોગિક એકમો છે. તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનુ શોષણ બાબતે નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્રને કુલ ૪૭ (સુડતાળીસ) ફરીયાદો મળેલ છે. વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ ૧૬૩૫ (એક હજાર છ સો પાંત્રીસ) કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે.

મેઇન પેજ પર જાઓ

અગ્રતા ક્રમ: ૨	
તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૩૨	
પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ)	
પેટા પ્રશ્ન ૧	વડોદરા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ ફરિયાદો કયા કયા શ્રમ કાયદા હેઠળની છે ?
જવાબ	વડોદરા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ ફરિયાદો**ની વિગત નીચે મુજબ છે.**

ક્રમ	કાયદાનું નામ	ફરિયાદોની સંખ્યા
૧	**કારખાના અધિનિયમ,૧૯૪૮**	૨૪
૨	**પગાર ધારા, ૧૯૩૬**	૨૨
૩	**પ્રસુતિ સહાય અધિનિયમ, ૧૯૬૧**	૦૧
૪	**લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮**	૧૪૭
૫	**ઔદ્યોગિક વિવાદ અધિનિયમ,૧૯૪૭**	૮૨
૬	**ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨**	૦૨
૭	**બોનસ ચુકવણી અધિનિયમ, ૧૯૬૫**	૧૨
૮	**કોન્ટ્રાક્ટ લેબર એક્ટ, ૧૯૭૦**	૦૩
૯	**આંતરરાજ્ય સ્થળાંતરીત કામદાર અધિનિયમ, ૧૯૭૯**	૦૧
	કુલ	**૨૯૪**

મેઇન પેજ પર જાઓ

અગ્રતા ક્રમ: ૨	
તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૩૨	
પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ)	
પેટા પ્રશ્ન ૨	શ્રમ તંત્ર દ્વારા શ્રમયોગીઓને શ્રમ કાયદાઓનું માર્ગદર્શન આપવા ઉભી કરાયેલ ઓનલાઇન હેલ્પલાઇન નંબર ૧૫૫૩૭૨ ઉપર વડોદરા જિલ્લામાં કેટલા કોલ આવ્યા છે? જે શેને લગતા હતાં?
જવાબ	શ્રમ આયુક્તતંત્ર દ્વારા કાર્યરત શ્રમિક સહાયક હેલ્પલાઈન નંબર ૧૫૫૨૭૨ ઉપર તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા-૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં વડોદરા જિલ્લામાં કુલ ૫૨૯ કોલ આવ્યા છે. તેમાંથી ૩૦૦ કોલ વિવિધ પ્રકારના શ્રમયોગીઓને લગતા પ્રશ્નોની જાણકારી મેળવવા, ૭૬ કોલ શ્રમતંત્ર તથા તેના સંલગ્ન વિવિધ બોર્ડ મારફત ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની જાણકારી માટે, ૭૭ કોલ કરેલ ફરિયાદોની માહિતી માટે, ૪૨ ફરિયાદોના કોલ મળેલ છે. જેમાંથી તમામ કોલને યોગ્ય પ્રતિસાદ આપી શ્રમયોગીઓના પ્રશ્નોનું હકારાત્મક નિરાકારણ કરવામાં આવેલ છે.

મેઇન પેજ પર જાઓ

અગ્રતા ક્રમ: ૨	
તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૩૨	
પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી ચૈતન્યભાઇ દેસાઇ (અકોટા)	
પેટા પ્રશ્ન 3	તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કારખાના ધારા હેઠળ તાલુકાવાર કેટલા ઔદ્યોગિક એકમો નોંધાયેલા છે?
જવાબ	તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ૪૨૬૨ (ચાર હજાર બસો બાસઠ) **ઔદ્યોગિક એકમો** કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે જેની તાલુકાવાર વિગતો આ મુજબ છે.

તાલુકાવાર કુલ કારખાનાની સંખ્યા

ક્રમ	તાલુકાનુ નામ	કુલ કારખાનાની સંખ્યા
૧	વડોદરા	૨૫૮૪
૨	વાઘોડીયા	૪૭૨
૩	સાવલી	૭૧૧
૪	શિનોર	૦૯
૫	પાદરા	૨૬૦
૬	ડેસર	૦૧
૭	કરજણ	૧૫૬
૮	ડભોઈ	૬૯
	કુલ	૪૨૬૨ (ચાર હજાર બસો બાસઠ)

મેઇન પેજ પર જાઓ

અગ્રતા ક્રમઃ ૨	
તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૮૩૨	
પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ચૈતન્યભાઇ દેસાઇ (અકોટા)	
પેટા પ્રશ્ન ૪	વડોદરા જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થાઓમાં નિરીક્ષણ દ્વારા સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે ?
જવાબ	વડોદરા જિલ્લામાં ફરિયાદો સિવાય ઔદ્યોગિક એકમોમાં નિરીક્ષણ દ્વારા રૂબરૂ તપાસ કરીને ૧૫ (પંદર) ઔદ્યોગિક એકમોમાં સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

ચુકવણાનો પ્રકાર	ઔદ્યોગિક એકમોની કુલ સંખ્યા	શ્રમયોગીઓની કુલ સંખ્યા	સમજાવટથી કરાવેલ કુલ ચુકવણું
બાકી પગારનું ચુકવણું	૦૫ (પાંચ)	૩૫ (પાંત્રીસ)	રૂ. ૧,૮૧,૫૯૪ /- (એક લાખ એક્યાસી હજાર પાંચસો ચોરાણું)
લઘુત્તમ વેતનના તફાવતનું ચુકવણું	૦૭(સાત)	૩૨ (બત્રીસ)	રૂ. ૧,૪૦,૭૯૫/- (એક લાખ ચાલીસ હજાર સાતસો પંચાણું)
બાકી બોનસનું ચુકવણું	૦૩(ત્રણ)	૧૦૮ (એકસો આઠ)	રૂ. ૧૦,૪૯,૦૪૪ /- (દસ લાખ ઓગણ પચાસ હજાર ચુવાલીસ)
કુલ	૧૫ (પંદર)	૧૭૫ (એકસો પંચોતેર)	રૂ. ૧૩,૭૧,૪૩૩ /- (તેર લાખ ઇકોતેર હજાર ચારસો તેત્રીસ)

મેઇન પેજ પર જાઓ

અગ્રતા ક્રમઃ ૨	
તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૮૩૨	
પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી કેયુરભાઇ રોકડિયા (સયાજીગંજ)	
પેટા પ્રશ્ન ૫	તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ કેટલા કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે?
જવાબ	તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ ૨૦૯૬ (બે હજાર છન્નુ) કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે. જેની વિગતો આ મુજબ છે.

તાલુકાવાર તપાસણીની સંખ્યા

ક્રમ	તાલુકાનુ નામ	તપાસણીની સંખ્યા
૧	વડોદરા	૧૧૮૧
૨	વાઘોડીયા	૨૫૫
૩	સાવલી	૩૫૭
૪	શિનોર	૦૩
૫	પાદરા	૧૮૦
૬	ડેસર	૦૦
૭	કરજણ	૮૯
૮	ડભોઈ	૩૧
કુલ		૨૦૯૬ (બે હજાર છન્નુ)

મેઇન પેજ પર જાઓ

અગ્રતા ક્રમ: ૨	
તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૩૨	
પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:	
પેટા પ્રશ્ન ૬	તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ફરિયાદ તપાસ બાબતે કેટલી મુલાકાતો લેવામાં આવેલ છે?
જવાબ	તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ફરિયાદ તપાસ બાબતે ૨૮૯ (બસો નેવ્યાસી) મુલાકાતો લેવામાં આવેલ છે.

મેઇન પેજ પર જાઓ

અગ્રતા ક્રમઃ ૨	
તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૮૩૨	
પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ	
પેટા પ્રશ્ન ૭	તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદ પડતર છે?
જવાબ	તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરિયાદો પૈકી ૦૧ (એક) ફરીયાદ પડતર છે, જેનો હાલની સ્થિતિએ નિકાલ થઇ ગયેલ છે.

ક્રમ	અરજદારનુ નામ	સંસ્થાનુ નામ	વિષય	રીમાર્કસ
૧	રાષ્ટ્રીય મજદુર યુનિયન	બી.એફ ઇન્ડસ્ટ્રીયલ ટેકનોલોજી	ઓવરટાઇમ તથા હાથમોજા ના આપવા બાબત	સદર ફરીયાદનો સમયમર્યાદામાં તા. ૧૦/૦૧/૨૦૨૪નાં રોજ નિકાલ કરેલ છે.

મેઇન પેજ પર જાઓ